ગજાનન સેવા સમિતિએ ૨૦૧૦ રાખડી તથા ૯૦૦ રોપાનું વિતરણ કર્યું

@ગાંધીનગર

● શ્રાવણ માસના ઉપક્રમે મંડળનો લઘુરૂદ્રાભિષેક દેવી પ્રસાદ ઉપાધ્યાયના નિવાસ સ્થાન ૫૪, સોમનાથ સોસાયટી, સરગાસણ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● શિવ શકિત શિવ મહિમ્ન સ્રોતના પાઠ શૈલેષભાઈ દવેના નિવાસસ્થાન કડી સ્કુલ, ગેટ નં. ૪ની સામે, સે-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ બીપીનભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન, સી ૪૦૨, દેવકૃપા રીધમ, સરગાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા આપણા તહેવારોનું મહત્વ શું છે આ વિષય ઉપર ગાંધીનગરની તમામ પ્રાથમિક શાળામાં જઈ મહત્વ સમજાવવાનો કાર્યક્રમ સવારે ૯ કલાકે કરાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ચલણી નોટોના હિંડોળા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

પાટનગરની ફુટપાથો પર અખુટ અવરોધો

હાલ જંગલી વનસ્પતિથી ઢંકાયેલી ફુટપાથો ઉપર અનેક સ્થળોએ દબાણો, રાહદારીઓ માર્ગ ઉપર ચાલવા મજબુર બન્યા

ગાંધીનગર, તા.૩૦

રાજયનું પાટનગર નાગરીકોની સુખ-સુવિધાઓ માટે વખણાય છે અને તેની રચના મુજબ બનાવાયેલા માર્ગો, ફુટપાથ અને સર્કલો નગરની આન, બાન અને શાન બન્યા છે. પરંતુ વહીવટીતંત્ર અને નાગરીકોની ગેરવર્તણુકથી સુવિધાઓ કલંકિત બની રહી છે તેવી જ રીતે નગરની વિશાળ ફુટપાથો ઉપર અનેક અવરોધો પેદા થયા છે. જેથી નગરજનો માટે ફુટપાથનો ઉપયોગ કરવું મુશ્કેલ બન્યું છે અને જીવના જોખમે મજબુરીથી માર્ગનો ઉપયોગ કરવો પડી રહ્યો છે જેથી વહીવટી તંત્ર એ સત્વરે આ અવરોધો દુર કરી ફુટપાથ ખુલ્લી કરવા માંગ ઉઠી છે.

પાટનગરમાં સૌથી લાંબી ફુટપાથ બનાવાયેલી છે અને વહીવટી તંત્ર આ ફુટપાથ પાછળ સમયાંતરે મોટો ખર્ચ કરી તેને સુવિધાયુકત બનાવવા પ્રયત્નશીલ છે જ. પરંતુ નગરમાં કેટલીક ફુટપાથો ઉપર નાગરીકો દ્વારા ભારે અવરોધો ઉભા કરાયા છે. જે હાલ કાયમી બની ગયા છે તો બીજી તરફ વરસાદના આગમન પછી ઉગી નીકળેલી જંગલી વનસ્પતિ એ આ ફુટપાથોની આજુબાજુ ભરડો લઈ ઢાંકી દીધી છે જેથી ફુટપાથ ઉપર જતા રાહદારીઓ ફુટપાથનો ઉપયોગ ટાળી દઈ જીવના જોખમે માર્ગો ઉપર ચાલવું મુનાસિબ માની રહ્યા છે. કરોડોના ખર્ચે ઉભી કરાયેલી ફુટપાથો અંગે વહીવટીતંત્ર સમયસર તેની તકેદારી ન રાખતા ફુટપાથો નકામી બની ગઈ છે. વળી કેટલાક વાહન ચાલકો કાયમી ધોરણે ફુટપાથનો ઉપયોગ કરતા થઈ ગયા છે જેથી ફુટપાથ એ વાહનો માટેનો માર્ગ બની ગઈ છે.

પાટનગરના તમામ માર્ગોની બાજુમાં ફુટપાથનું સુંદર આયોજન સાડીને સોનાનો પાલવ કર્યો હોય તેવું દેશ્ય ઉભું કરે છે. પરંતુ આ ફુટપાથો ઉપર તંત્રનું નિયંત્રણ ન રહેતા મોટા પાયે દબાણો ઉભા થઈ ગયા છે તો કોઈક જગ્યાએ ફુટપાથ જ ન હોય તેવા સંજોગો સર્જાયા છે. નાગરીકોની અણસમજે સરકારી મિલકતનો દુરઉપયોગ થઈ રહ્યો છે. ફુટપાથ ઉપર ધંધા ફુલી ફાલ્યા છે તો રહેણાંક અને બિનરહેણાંક કોમ્પ્લેક્ષ ફુટપાથ નજીક બનતા હોય ત્યાં ફુટપાથ ઉપર જ બિલ્ડીંગ મટીરીયલ્સ ઠાલવીને ફુટપાથને અવરોધી દીધી છે. તેથી નગરજનો માટ પગદંડીનો ઉપયોગ થતી આ ફુટપાથ બિન ઉપયોગી બની ગઈ છે. સવાર સાંજ ચાલવા નીકળતા નગરજનો ફુટપાથના આવા અવરોધથી ફુટપાથનો ઉપયોગ ટાળીને બાજુના માર્ગ ઉપર જીવના જોખમે ચાલવા મજબુર બની રહ્યા છે. જેથી વહીવટી તંત્રએ એક નજર નગરની ફુટપાથો ઉપર નાંખીને તેના ઉપર થયેલ અવરોધો દુર કરવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

વાતવાતમાં

● બે દિવસની સળંગ રજાના માહોલનો નગરજનોએ ભરપૂર લાભ ઉઠાવ્યો હતો સ્વર્ણિમ પાર્કમાં તો જાણે કિડિયારું ઉભરાયું હોય તેટલી ભીડ જોવા મળી હતી અને ખાણી પીણી બજારોમાં તો તડાકો પડી ગયો હતો.

● સ્વર્ણિમ પાર્કમાં લાઈટની વ્યવસ્થા અપૂરતી જણાય છે જેથી રાત્રિના સમયે અસામાજિક તત્વોને પુરતી આડશ મળી રહી છે. પરિવાર સાથે રીલેક્ષ થવા આવતા નગરજનો પાર્કમાં લાઈટીંગ વધારવામાં આવે તેવી અપેક્ષા વ્યકત કરી રહ્યાં છે.

● નગરના પ્રવેશદ્વારે ચ-૦ સર્કલથી જ રોડ અને ચ રોડ પર પ્રવેશતા જ હવે રબરના સ્પીડ બ્રેકરનો સામનો કરવો પડશે. રાતોરાત અચાનક આ સ્પીડ બ્રેકર્સ લગાડવાનો નિર્ણય કયા સંજોગોમાં લેવાયો તે સુજ્ઞ નગરજનોને સમજાવાનું ના હોય.

● ચ-૦ સર્કલ પાસે બંદોબસ્તમાં ઉભા રહેતા પોલીસ કર્મીઓના વાહનો કોર્નર પર આવેલ નર્સરીમાં પાર્ક કરાય છે આથી નર્સરીમાં છોડવા સાથે વાહનો પણ ઉગી નીકળ્યા હોય તેવું દેશ્ય ખડું થાય છે.

● ખ-૫ સર્કલની આસપાસ સે-૨૪ તરફ અને કડી યુનિવર્સિટીથી જીઆઈડીસી સર્કલ સુધી સ્ટ્રીટલાઈટો બંધ છે. રાત્રિના સમયે વાહન ચાલકો તો ઠીક પણ રાહદારીઓને સૌથી વધુ મુશ્કેલી પડી રહી છે.

● રોડ નં.૩ પર ચ-૩ સર્કલ નજીક સે-૧૧ના મેદાન સામે રસ્તા પર ખાડા પડી ગયાં છે. વળી અહીં વૃક્ષોની ડાળીઓ પણ એટલી નમેલી છે કે સ્કૂટર-બાઈક ચાલકોના માથે હળવો ટપલીદાવ પણ કરી લે છે.

- સમીર રામી
9924446645

ગાંધીનગરમાં પણ 'કલાઉનીંગ' જોવા મળશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં રોટરી કલબના કાર્યક્રમ સેકન્ડ ઈનીંગમાં બીજા ચરણમાં અમદાવાદના યુવાનોએ 'કલાઉનીંગ' પ્રવૃત્તિની રસપ્રદ શૈલીમાં ઝલક પ્રસ્તુત કરી હતી. કલાઉન એટલે કે જોકરના વેશમાં આ યુવાનો હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓને સુખદ પળો પુરી પાડે છે. વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ સાથે મળીને આ પ્રવૃત્તિ ચલાવે છે જેને ગાંધીનગરમાં પણ ચાલુ કરવા તત્પરતા દર્શાવી હતી. આ માટે તેમણે નગરના યુવાનોને જોડાવા હાકલ કરી છે.

ગજાનન સેવા સમિતિએ ૨૦૧૦ રાખડી તથા ૯૦૦ રોપાનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૩૦

શ્રી ગજાનન સેવા સમિતિ ગાંધીનગર દ્વારા વનવાસી વિસ્તાર શામળાજી નજીકની ૧૩ શાળાના ૨૦૧૦ બાળકોને રાખડીનું વિતરણ કરાયું હતું. ગડાદર, નાવડા, ટાંઠા, નવાગામ, નવી ભેટાલી, મેસ માધ્યમિક, ભેટાલી વસઈ, કરણપુર, જેસીંગપુર, પાલ્લા શાળાઓમાં પ્રત્યેક વિદ્યાર્થીઓએ એક બીજાને રાખડી બાંધી હતી. હર્ષોલ્લાસથી ગાયત્રી મંત્રના ગાન સાથે કાર્યક્રમ યોજાયો હતો.

બીલી નાગરવેલ, જાંબુ, જામફળ, રકતચંદન, ગોરસઆમલી, ગુલમહોર, કાશીદ, વગેરેના ૯૦૦ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જીઈબી સેવા વસ્તીના શ્રી લાલજીભાઈ વણઝારા, કરણભાઈ, દિનેશભાઈ, મિલિન્દભાઈએ ૬૦૦ કિલો ગ્રામ સામાન ભરી વનવાસી વિસ્તારમાં વિતરણ કરેલ હતું.

રાયપુર કેનાલમાં છલાંગ મારનાર યુવાનનો મૃતદેહ સાયફનમાં ફસાયો

ગાંધીનગર, તા.૩૦

મોટા ચિલોડા ખાતે રહેતા અને ચિલોડા સર્કલ પરથી અવર જવર કરતા મુસાફરો-વાહનચાલકોને પાણીના પાઉચ વેચતા ૨૨ વર્ષીય યુવાને રાયપુર કેનાલમાં છલાંગ લગાવી હતી. તેનો મૃતદેહ તણાઈને કરાઈ સાયફનના ગેટ નં.૪માં ફસાઈ ગયો હતો. ફાયરબ્રિગેડે મૃતદેહ બહાર કાઢી ડભોડા પોલીસને સોંપતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ મોટા ચિલોડા ખાતે સ્થિત વણકર વાસમાં રહેતા વિજય કાળીદાસ રાઠોડ નામનો ૨૨ વર્ષીય યુવાન સર્કલે પાણીના પાઉચ વેચીને ગુજરાન ચલાવતો હતો. જો કે તેને ઘણા સમયથી માનસિક બિમારીની દવાઓ પણ ચાલતી હતી. ૨૭ ઓગસ્ટે વિજય પોતાના ઘરેથી કયાંક ચાલ્યો ગયો હતો અને પરિવારજનો શોધખોળ ચલાવી રહ્યા હતાં. દરમિયાન રાયપુર કેનાલ પાસેથી તેનું બાઈક મળી આવ્યું હતું. આજે તેનો મૃતદેહ કરાઈ સાયફનનાં ગેટ નં.૪માં ફસાઈ ગયેલ હાલતમાં દેખાયો હતો. રાયપુર કેનાલમાં મોતની છલાંગ લગાવનાર વિજયનો મૃતદેહ કરાઈ સાયફનમાં ફસાયો હોવાના મેસેજ ફાયર બ્રિગેડની ટીમને મળતા તે સ્થળ પર પહોંચી ગઈ હતી અને ફસાયેલો મૃતદેહ બહાર નિકાળી ડભોડા પોલીસ મથકના રાજેશભાઈને સોંપ્યો હતો. રાજેશભાઈએ મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

૧૬ વર્ષની પરિણીતાનું અપહરણ કરી બળાત્કાર : મદદગારી કરનાર આરોપીના બે મિત્રો સામે પણ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરીના બે વર્ષ પહેલા લગ્ન થયા હતાં. તેણીના પિયર કડી તાલુકાના એક ગામનો યુવાન ૧૬ વર્ષની પરિણીતાને બ્લેક મેઈલ કરી રિક્ષામાં અપહરણ કરી ગયો હતો. કલોલના ધમાસણા પાસે એક ખેતરમાં રાત્રે બળાત્કાર ગુજારીને શખ્સ ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ પેથાપુર પોલીસ મથકમાં નોંધાવા પામી છે. અપહરણ અને બળાત્કારના ગુનામાં મદદગારી કરનાર અન્ય બે મિત્રો સામે પણ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાવા પામ્યો છે. પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

સે-૨૬માં સવારે ચેઈન સ્નેચર્સ મહીલાનો દોરો ખેંચી ગયા : દોઢ તોલાનો દોરો આંચકી બંને રફુચક્કર

ગાંધીનગર, તા.૩૦

શહેરના સે-૨૬ કિસાનનગર પ્લોટ નં. ૧૪૬/૨ ખાતે રહેતાં ભગવતીબેન હરિશંકરભાઈ પટેલ આજે સવારે સે-૨૬માં જીગરભાઈ દવેના મકાનની સામે રોડ પર ઉભા હતા ત્યારે ચેઈન સ્નેચર્સ તેમને નિશાન બનાવી ગયા હતાં.

બાઈક પર આવેલા બે અજાણ્યા ચેઈન સ્નેચર્સ ભગવતીબેન પાસે પહોંચ્યા અને તેમના ગળામાં હાથ મારીને સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં દોઢ તોલા વજનનો આશરે ૩૦ હજારની કિંમતનો સોનાનો દોરો લુંટી રફુચકકર થઈ ગયા હતાં. આ બનાવ અંગે ભગવતીબેનની ફરિયાદને આધારે સે-૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

શ્રી બાજખેડાવાળ મંડળ દ્વારા આજે શિવ મહિમ્ન સ્ત્રોત તેમજ વિષ્ણુ સહસ્ત્રના પાઠ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના રહિશ બાજખેડાવાળ જ્ઞાતિજનો દ્વારા પવિત્ર શ્રાવણ માસના દર સોમવારે શિવ મહિમ્ન સ્ત્રોત તેમજ શ્રી વિષ્ણુ સહસ્ત્રના પાઠના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ ક્રમમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે શ્રી બાલાજી મંદિર, સેક્ટર-૧૬ ખાતે રાત્રે ૮.૩૦થી ૯.૩૦ દરમ્યાન શિવ મહિમ્ન સ્ત્રોત તથા શ્રી વિષ્ણુ સહસ્ત્રના પાઠ યોજવામાં આવ્યા છે, જેનો લાભ લેવા ભાવિકોને મંડળ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રસાદ સૌજન્ય ઈન્ફોસિટી ટાઉનશીપનાં રહેવાસી અશ્મી મેહુલભાઈ ઠક્કર તરફથી પ્રાપ્ત થયું છે.

વડિલોની નિવૃત્તિ બાદની પ્રવૃત્તિની રસપ્રદ વાતો

મણીલાલ પટેલ, લવારપુર, ઉ.વ. ૭૬

મણીલાલ પટેલે પોતાના જીવન સમય દરમિયાન ૧૦ વર્ષ સુધી

અમદાવાદમાં આવેલી મિલમાં મિલ કામદાર તરીકે ફરજ બજાવી હતી. ત્યાર બાદ ૨ વર્ષ માણેકચોક નોકરી કરતા હતા તે વખતે પોતાના પિતા ગુજરી જતાં ગામડે રહીને ખેતીનો વ્યવસાય કર્યો હતો. ૭૬ વર્ષના મણીલાલ પોતાની વૃધ્ધા અવસ્થાનો સમય ઓમ શાંતિના સ્વાધ્યાયમાં જઈ પસાર કરે છે તેમજ ગામના નાના છોકરાઓને સલાહ સૂચન આપે છે. તેમણે સમાજના દરેક વ્યકિતને વ્યસન મુકિત માટે અપીલ કરી હતી.

બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ રાંધેજા (હાલ સે-૨૨), ઉ.વ. ૮૧

ગાંધીનગર નજીક આવેલ રાંધેજા ગામના બાબુભાઈ

ઈશ્વરભાઈ પટેલ ખેતીનો વ્યવસાય કરતા હતા. હાલ સે-૨૨માં વસવાટ કરે છે અને પોતાનો સમય સવાર-સાંજ પોતાના મિત્રો સાથે બાંકડા પર બેસીને તેમજ વાંચન કરી પસાર કરે છે. આજના યુવાનોને તેઓએ જણાવ્યું કે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી માટે શોર્ટકટ નો રસ્તો ન અપનાવતા મહેનત કરો તો ફળ ચોકકસ મળશે.

લક્ષ્મણભાઈ ઈશ્વરલાલ પટેલ, સે-૩૦, ઉ.વ. ૬૫

ઊંઝા નાગરિક કો.ઓ. બેંકમાં ૩૯ વર્ષ નોકરી કરી છે. નોકરીના વહીવટ દરમિયાન લાખો રૂપિયા આપ્યા છે અને લોકોએ આપેલા રૂપિયા લીધા છે. રૂપિયાની

શું કિંમત છે તે મને ખબર છે. આરોગ્ય સ્વચ્છ રાખો. માપમાં બોલવાનું માપમાં ખાવાનું અને માપમાં ઉંઘવાનું. જીવનમાં સંતોષ રાખવાનો, નિવૃત્તિમાં પ્રવૃત્તિમય રહેવું જોઈએ. મનુષ્ય અવતાર મળ્યો છે તેને સાર્થક કરવા પ્રયત્ન કરવો જોઈએ.

રણછોડભાઈ મોહનભાઈ પટેલ, સે-૩૦, ઉ.વ. ૭૦

રણછોડભાઈ પટેલે શિક્ષક તરીકે નોકરી બજાવી છે. તેઓનો પુત્ર અને પુત્રવધુ ડૉકટર છે. તેઓ પોતાનો સમય બાળકોને ભણાવવાની, સાચવવાની જવાબદારી નિભાવી પસાર કરે છે. અત્યારનું જીવન ઝડપી અને ભાગદોડવાળુ છે. યુવાનોને પોતાના પરિવાર માટે સમય નથી.

ઓછા પૈસાવાળો જરૂરીયાત માટે દોડે છે જેની પાસે પૈસા છે એ વધુ પૈસા માટે દોડે છે. આજનો યુવાન ૨૨ વર્ષનો હોવા છતાં ઘરડો છે. જયારે વૃદ્ધ ૭૫ વર્ષે પણ યુવાન છે. પૈસા માટે શરીર બગાડીએ છીએ. શરીર માટે પૈસા બગાડીએ છીએ. યુવાન વર્ગ સહનશીલ નથી.

રામશંકર મોહનલાલ મહેતા ઉ.વ. ૯૦

રામશંકર મહેતાએ ૩૫ વર્ષ શિક્ષક તરીકે નોકરી કરી છે. અત્યારે તેઓનું ૨૫ વ્યકિતનું ગ્રુપ છે. તેઓ બધા નિવૃત્ત જીવન ગાળે છે અને

પોતાનો સમય પ્રાર્થના, ભજન-કિર્તન, આધ્યાત્મિક પુસ્તકનું વાંચન, સમાચાર વાંચે, પરિવારની વાતચીતમાં દિવસ પસાર કરે છે. યુવાનો અંગે તેઓએ જણાવ્યું હતું કે યુવાનો માતા-પિતા સાથે પરિવાર ભાવનાથી રહે, પોતાની પ્રગતિ સહ પ્રયત્નથી આગળ વધે. પોતાના નાના-ભાઈ-બહેનો સાથે રાખી પ્રગતિ કરે જેમાં આપણો ઉત્કર્ષ વધુ થાય.

જે.વી. સાપરીયા, સે-૨૪

જે.વી. સાપરીયાએ જીઈબીમાં ૩૦ વર્ષ સુધી જીઈબીમાં એન્જીનીયર તરીકે સર્વિસ કરી છે. તેઓ પોતાનો સમય

સગા સંબંધીને મળવા, હરવા ફરવામાં ગાળે છે. વાંચન અને સેવાકીય પ્રવૃત્તિ પણ કરે છે. પ્રાથમિક શિક્ષણમાં આધ્યાત્મિક શિક્ષણનો ઉમેરો કરવા સરકારે વિચારવું જોઈએ. વડીલોને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિ કરી છે જે બિરદાવવા જેવી છે. હુંફ, લાગણીથી વડીલોની વાત સાંભળો તો વડીલોને આનંદ મળે છે.

રોટરી કલબ દ્વારા ટાઉનહોલ ખાતે વડિલો માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વડિલો હાજર રહ્યા હતા. આ સમયે વડિલો સાથે વાતચીત કરી તેમની દિવસ દરમિયાનની પ્રવૃત્તિની જાણકારી મેળવવા પ્રયાસ કર્યો હતો. વૃધ્ધા અવસ્થા એવી છે કે શારિરીક અને માનસિક દરેક તકલીફનો સામનો કરવો પડે છે. શારિરીક રીતે વૃધ્ધ હોવા છતાં મનથી વૃધ્ધ ના હોય તેવા વડિલો સાથે વાતચીત કરતા તેઓ નિવૃત્તિ પછીનું જીવન કેવી રીતે પસાર કરે છે તે અંગે રસપ્રદ માહિતી મેળવી હતી.

દશરથભાઈ ઈશ્વરલાલ પટેલ, સે-૨

દશરથભાઈ પટેલ આર એન્ડ બી વિભાગમાં ઈલેકટ્રીશીયન તરીકે

કામ કરતા હતા. પરંતુ તેઓની નોકરી સિવિલ હોસ્પિટલ ખાતે હતી. નિવૃત્તિ જીવનમાં તેઓ સવારે ૪ વાગે ઉઠી તૈયાર થઈ દેવ દર્શન કરવા જાય છે. ૭ વાગે યોગાસન, સગા-સ્નેહીઓના ખબર અંતર પુછવા, સામાજીક રીતે મદદરૂપ થવું. ધાર્મિક વાંચન કરી સમય પસાર કરે છે. તેઓએ આજના સમાજને સંદેશ આપતા કહ્યું હતું કે મનુષ્ય અવતાર મળ્યો છે, તો દરેક મનુષ્યને 'હું કોણ છું', 'હું શું કરું છું' અને 'મારે શું કરવું જોઈએ' આ ત્રણ બાબત વિચારે તો દુનિયાની તમામ તકરારો બંધ થઈ જાય અને સાચો રસ્તો જડી જાય છે.

મહેન્દ્રભાઈ શુકલા, અમદાવાદ

અમદાવાદની આબાદ ડેરી બંધ થતા ફરજિયાત નિવૃત્ત થયેલા મહેન્દ્રભાઈ શુકલા હાલ ડિસ્ટ્રીકટ યોગ એસોસિએશનમાં સેકેટરી તરીકે ફરજ બજાવી યોગ ક્ષેત્રે વિદ્યાર્થીને તાલીમ આપી નેશનલ લેવલે રમવા પ્રેરે છે તેમના મતે વૃધ્ધાવસ્થામાં સમય વિતાવવા ગમતા ક્ષેત્રમાં જોડાઈ સમય પસાર કરવો જોઈએ.

જગદીશ આર. મહેતા, ગાંધીનગર

GEMI સંસ્થાના નિવૃત્ત અધિકારી પોતાનો સમય પસાર કરવા હાલ નેચરોપેથી, વાસ્તુશાસ્ત્ર, જયોતિષ શાસ્ત્ર તેમજ પર્યાવરણ જાળવણી માટે કન્સલટન્ટ કરી સમાજ સેવાનું કાર્ય કરે છે. 'ઘરેડમાં ચાલે તે ઘરડો' આ કહેવત કહી વૃધ્ધા અવસ્થાને વધુ જીવંત રાખવા પોઝીટીવ જીવનશૈલી જીવવા જણાવ્યું હતું.

પદમઝા ઘાટે ગાંધીનગર, ઉ.વ. ૪૦

ગૃહિણી તરીકે જીવન પસાર કર્યું છે. હાલ પણ ઘરની પ્રવૃત્તિ કરે આનંદ અનુભવે છે. સંગીતના શોખીન છે તેમજ સ્વાધ્યાયમાં જઈ

સમય પસાર કરે છે કયારેક શાકમાર્કેટમાં જઈ શાક પણ ખરીદી કરે છે.

આશા પ્રભુ ગર્વમેન્ટ સેન્ટ્રલ પ્રેસમાં નિવૃત્ત

થયેલ આશાબેન પ્રભુ હાલ ૭૦ વર્ષની ઉંમરે સમય પસાર કરવા વાંચન કરે છે તેમજ ટીવી જોવે છે. જેમાં રસોઈ શૉ તેમનો પ્રિય કાર્યક્રમ છે આવી રીતે દિવસ પસાર કરે છે.

દશરથલાલ રામી, સે-૨૪

સે-૨૪ નિવાસી દશરથલાલ રામી, ઉ.વ. ૩૫, ઉદ્યોગ કમિશનર ઓફિસમાં ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્પેકટર

તરીકે નોકરી કરી નિવૃત્ત થયા છે. નિવૃત્તી કાળમાં તેઓ આધ્યાત્મિક તથા સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છે. પોતાના મનને આનંદ મળે તેવી તમામ પ્રવૃત્તિ કરવામાં માનતા દશરથલાલને વાંચનનો ખુબ શોખ છે અને નીત નવા સમાચાર મેળવવાની ઉત્સુકતા ધરાવે છે.

કરાઈ પાસે નદીમાં ન્હાવા પડેલો સે-૧૩નો યુવાન ડુબ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરનાં સેકટર-૧૩ ખાતેનું સાત મિત્રોનું એક ગ્રુપ રક્ષાબંધનની સાંજે કરાઈ પાસે નદીમાં ન્હાવા પડયું હતું. તે દરમિયાન એક યુવાન પાણીમાં ડુબી ગયો હતો. અમદાવાદ ફાયબ્રિગેડે મોડી સાંજ સુધી તેની શોધખોળ કરી પરંતુ તે મળી આવ્યો ન હતો. દરમિયાન આજે સવારે ભાટ પાસે ગોરેશ્વર મહાદેવ સામે નદીમાંથી તેનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરુ કરી છે.

શહેરના સેકટર-૧૩-એ પ્લોટ નં. ૩૮૫/૨ ખાતે રહેતો ૧૯ વર્ષીય યુવાન કલ્પેશ પુનમભાઈ ગોસ્વામી સે-૧૨ની એક હોસ્ટેલમાં નોકરી કરતો હતો. રક્ષાબંધનની બપોરે કલ્પેશ અને તેના મિત્રોએ નદીમાં ન્હાવા જવાનું આયોજન કર્યું અને સાંજે સાત મિત્રો કરાઈ પાસે સાબરમતી નદીમાં ન્હાવા પહોંચી ગયા હતાં. અચાનક કલ્પેશનો પગ લપસતા નદીના પાણીમાં તે ગરકાવ થઈ ગયો હતો મિત્રોએ સાંજે ફાયરબ્રિગેડને જાણ કરતાં અમદાવાદની ટીમે તેની શોધખોળ શરુ કરી હતી. જો કે અંધારું થઈ ગયા બાદ પણ તેનો પત્તો લાગ્યો ન હતો. દરમિયાન આજે સવારે ભાટ પાસે નદીમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. કરાઈથી તણાઈને કલ્પેશનો મૃતદેહ ભાટ ગોટેશ્વર મહાદેવ સામે નદીમાં પહોંચી ગયો હતો. અડાલજ પોલીસ મથકમાં જમાદાર નરેન્દ્રભાઈએ મૃતદેહ બહાર નિકાળી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

- સ્વ. રાવલ છોટભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. કાળાભાઈ સવચંદભાઈ વાઘરી, ઉ.વ. ૮૫
- સ્વ. વિજયકુમાર કાલીદાસ રાઠોડ, ઉ.વ.૨૨
- સ્વ. કલ્પેશકુમાર પ્રતાપભાઈ ગોસ્વામી, ઉ.વ.૨૨